બરછી કાર્યાલય C/o.ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

ડીસેમ્બર-૨૦૨૨ | વર્ષ: ૫૯
વર્ષ : જાન્યુઆરી થી ડીસેમ્બર | વાર્ષિક લવાજમ : રૂા.૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫




## વિચારો લઈને આવ્યો છું...

ઘણાયે જિંદગી સામે સવાલો લઈને આવ્યો છું
કે આખર તો હું માનવ છું,મુસદો લઈને આવ્યો છું
ભલે હો પાનખર,તો પણ ચમનમાં જાઉ છું બેશક
જગત શંકા ન કર,સાથે બહારો લઈને આવ્યો છું
સમંદર પણ ઘડીભર મારી સામે જોઈ રહેવાનો
કે હું મઝધારની પાસે કિનારો લઈને આવ્યો છું
સભામાં થાય નહીં કે મેં કર્યું અણછાજતું વર્તન
અહીં 'માસૂમ' એવા હું વિચારો લઈને આવ્યો છું

–નીલકંઠ અંતાણી 'માસૂમ', રાજકોટ.

મો.૮૩૨૦૦૪૫૫૯૦

<u>સંસ્થા પરિચય :</u>

## શ્રી હાટકેશ સિનિયર સિટીઝન ક્લબ, ભુજ

જ્ઞાતિના વડીલોની સંસ્થા 'શ્રી હાટકેશ સિનિયર સિટીઝન કલબની સ્થાપના વર્ષ ૨૦૦૭માં કરવામાં આવી હતી. જેના સ્થાપક પ્રમુખ હતા સ્વ. પરિમલભાઈ ધોળકિયા. અન્ય પદાધિકારીઓમાં ઉપપ્રમુખ ધર્મિષ્ઠા બેન ધોળકિયા, મંત્રી શ્રી હરિભાઈ અંતાણી(જેઓએ બરછીને પણ દાયકાઓ પોતાની નિઃસ્વાર્થ સેવા આપી હતી.)સહમંત્રી પૂર્ણિમાબેન પાઠક, ખજાનચી ગીરીશભાઈ વૈશ્નવ તથા સલાહકાર તરીકે શિશિરભાઈ ધોળકિયા હતા, જ્યારે કારોબારી સભ્યો તરીકે મંદાબેન પટ્ટણી, પરિમલભાઈ વૈશ્નવ, હેમાંગિનીબેન ધોળકિયા, જ્યોતિકાબેન વોરા, દિવ્યાબેન વૈદ્ય, ચંદ્રવદનભાઈ વૈદ્ય હતા. હાલનું પ્રમુખસ્થાન શ્રી પરિમલભાઈ વૈશ્નવ અને મંત્રીપદ શ્રી હરિભાઈ અંતાણી સંભાળી રહયા છે.

નિવૃત્તિમાં પ્રવૃત્તિ નિરામય જીવન અને જ્ઞાતિ એકતાના હેતુથી શરૂ થયેલી આ સંસ્થા ૨૫૦ જેટલા સભ્યો સાથે વટવૃક્ષ બની છે, અને અનેક સામાજિક રચનાત્મક પ્રવૃત્તિઓ કરી રહી છે.. જેવી કે–
શ્રી ભુજ નાગર વ્યવસ્થાપક મંડળ દ્વારા યોજાયેલ ખાસ કેમ્પમાં ૧૩૦૦ જેટલા આધારકાર્ડની સેવા, શ્રાવણ માસ દરમ્યાન શ્રી જીતુભાઈ વોરાના આચાર્યપદે લઘુરૂદ્રનું આયોજન, વર્ષ ૨૦૧૪માં કથાકાર અનંત મહારાજના શ્રીમુખે સત્યનારાયણ ભગવાનની સંગીતમય કથાનું આયોજન, બેઠા ગરબા, સુંદરકાંડ પઠનનું આયોજન, વડોદરાના જાણીતા આયુર્વેદ ડો. રાજેન્દ્રભાઈ હાથી દ્વારા આયુર્વેદિક મેડીકલ કેમ્પ તથા તેમનો હાસ્યનો કાર્યક્રમ, ઉપરાંત ફિઝીયોથેરાપી કેમ્પ, યોગ શિબિર, આશ્રમનાં બાળકોને ભોજન જેવા કાર્યક્રમો/પ્રવૃત્તિઓ થાય છે. સાથે સાથે જીવનમાં નાવિન્ય લાવવા અને શ્રદ્ધાને સંકોરવા કેરાના જડેશ્વર અને પલારા મહાદેવ અંબાજી રાત્રિ પૂજા, વડનગર હાટકેશ દાદાનું પૂજન જેવા અનેક સ્થળના નિયમિત પ્રવાસો થાય છે. તદ્ઉપરાંત એકબીજાને મળતા રહેવા અને અનુભવોની આપલેના ઉમદા હેતુથી સ્નેહમિલન, વડીલ વંદના, વિદ્વાન વક્તાઓના મનનીય વકતવ્યોના આયોજનો પણ કરવામાં આવે છે. આમ કોરોનાના બ્રેક કે બાદ ફરી વડીલોની સક્રીયતા થકી સંસ્થા સક્રિય થઈ રહી છે.

વડીલો વૃક્ષ જેવા છે. ભલે ફળ ન આપે પણ શીતળ છાંય જરૂર આપે. આકાશમાં તો ક્યારેક સંધ્યા ખીલે પણ ઘરમાં વડીલોની જીવન સંધ્યા સદા ખીલતી રહે એ જોવાની સૌની ફરજ છે. આદર આપશો તો કાલે તમને મળશે. જે ઘરમાં અનુભવોના વટવૃક્ષ સમા વડીલોને આદર મળે છે એ ઘર સદા સુખી અને સંતોષી રહે છે.

અહેવાલ સંકલન/લેખન : જગદીશચંદ્ર છાયા, ભુજ.

(<u>બરછી તરફથી સાદર નોંધ લઈએ :</u> શ્રી જગદીશચંદ્ર છાયા આદર્શ રૂપ, નિવૃત્ત આચાર્ય/કેળવણીકાર છે. સિનિયર સીટીઝનની ઊક્ત સંસ્થા પ્રવૃત્તિઓ ઉપરાંત લેખન, વાંચન, પ્રવાસ, ફોટોગ્રાફી સાથે મુખ્યત્વે વિવિધ સંશોધન દ્વારા ઈતિહાસના જતનમાં શોખ અને રસ ધરાવે છે. જેમાં કચ્છના હાટકેશ્વર મંદિરોની ખોજબીન મુખ્ય છે. કચ્છ વિસ્તારમાં અનેક હાટકેશ્વર મંદિરોની ખોજ કરી, જિર્ણોધ્ધાર કરાવી, તકતી પણ લગાવી છે અને જતન માટે અપીલ, ફોટા/ અભ્યાસ લેખો FB/WA દ્વારા જ્ઞાતિ સમુદાય સુધી પહોંચાડી પણ રહયા છે.–તંત્રી)

## કુ.ધ્યાના બક્ષીનું કપિલદેવના હસ્તે સન્માન



ભારતીય સ્ટેટ બેંક (SBI)માં લાખો ઉમેદવારોમાંથી યુવા વયે જ સીધા મેનેજર મેનેજર પદે પસંદગી પામેલ અમદાવાદ સ્થિત કુ.ધ્યાના બક્ષીનું SBI Life Insurance માં Best Performance બદલ અમદાવાદ ખાતે યોજાયેલ ભવ્ય રંગારંગ કાર્યક્રમમાં ભારતના ક્રિકેટ સમ્રાટ કપિલદેવના હસ્તે એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું.

ચિ.ધ્યાના અમદાવાદ સ્થિત શ્રીમતી અલ્કાબેન અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી હેમાંગભાઇ બક્ષીનાં પુત્રી તથા સ્વ.ચંદ્રકાંતભાઈનાં પૌત્રી અને સ્વ.ઉષાકાંતભાઇ માંકડનાં દોહિત્રી થાય છે.

યુવા વયે મેળવેલ સફળતા – સન્માન બદલ અભિનંદન સહ ઉજ્જવળ ભવિષ્યની શુભકામના.

## ડો. પ્રકાશ મંકોડી 'શ્રેષ્ઠ નોકરીદાતા' તરીકે સન્માનિત થયા


ગુજરાત સરકારના શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા દિવ્યાંગજનોના શ્રેષ્ઠ નોકરીદાતા, શ્રેષ્ઠ રોજગાર અધિકારી,દિવ્યાંગ નોકરિયાત અને સ્વરોજગાર કરતા દિવ્યાંગજનોને પ્રતિ વર્ષ સન્માનિત કરવામાં આવે છે. જ્ઞાતિ માટે ગૌરવની બાબત છે કે રાજ્ય કક્ષાના પારિતોષીકની શ્રેણીમાં જામનગરના અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્રના પ્રતિભાવાન પ્રજ્ઞાચક્ષુ સી.એ.ડો.પ્રકાશ મંકોડીને વર્ષ ૨૦૨૦ના દિવ્યાંગજનોના 'શ્રેષ્ઠ નોકરીદાતા' તરીકેનું આ પારિતોષીક વિધાનસભા અધ્યક્ષ ડો. નિમાબેન આચાર્યની ઉપસ્થિતિમાં રાજ્ય મંત્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યું.અભિનંદન.

## નેહાંશ માંકડે આઇ.આઇ.ટી.માં પ્રવેશ મેળવ્યો



અમદાવાદ સ્થિત સૌ.હીરલ તથા દેવાંગ માંકડના પુત્ર ચિ.નેહાંશ,IITના પ્રવેશ માટેની JEE મેઈન્સ તેમજ એડવાંસ્ડ પરીક્ષા ઉત્તીર્ણ કરી,IIT ઈન્દોર ખાતે બી.ટેક.(ઇલે.)માં પ્રવેશ મેળવ્યો છે.નેહાંશે મેઈન્સ પરીક્ષામાં ઓલ ઇન્ડિયા રેન્ક ૪૪૪૫ અને એડવાન્ડ પરીક્ષામાં ઓલ ઇન્ડિયા રેન્ક ૩૧૬૭ પ્રાપ્ત કર્યો છે. તેમણે ધોરણ–૧૨ની પરીક્ષા ૯૮ પી.આર. તથા ગુજસેટ પરીક્ષા ૯૯.૩૧ પી.આર. મેળવી ઉત્તીર્ણ કરી છે.ઇસરોમાં કાર્યરત પિતા દેવાંગભાઈની જેમ પુત્ર પણ વકૃત્વ અને નિબંધ–અન્ય લેખનમાં પારંગતતા ધરાવે છે.

ચિ.નેહાંશ અમદાવાદ સ્થિત શ્રીમતી ભર્ગાબેન મહેશભાઈ માંકડના પૌત્ર તથા રાજકોટ સ્થિત શ્રીમતી જયશ્રીબેન તરૂણરામ ઓઝા ના દોહિત્ર થાય. અભિનંદન સહ ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.



☆ રાજકોટ : ભક્ત શિરોમણી નરસિંહ મહેતાની ૫૬૭મી હારમાળા જયંતી નિમિત્તે શ્રી રાજીવ વછરાજાની–વિપુલ પોટા પ્રેરિત 'હાટકેશજન' દ્વારા રામકૃષ્ણનગર સ્થિત મહેતાજીની કાંસ્ય પ્રતિમાને સારી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ પુષ્પવંદનાના અંતે, સાથે મળી વૈષ્ણવ જનના સમૂહગાન સાથે ભાવાંજલી અર્પી હતી.

☆ અત્રેના સાહિત્ય સેતુ દ્વારા ગ્રંથાલય સપ્તાહના ભાગ રૂપે સાહિત્ય સેતુના સભ્યોએ શ્રી ચંદ્રવદનભાઈ દિનકરરાય હાથીને તેમના નિવાસ સ્થાને જઈ શાલ,ખેસ અને પુસ્તકોનો સેટ આપી 'શ્રેષ્ઠ વાચક સન્માન' થી નવાજવામાં આવ્યા. એ.જી.ઓફીસમાંથી સિનિયર એકાઉન્ટસ ઓફીસર તરીકે નિવૃત્ત થનાર મુ. ચંદ્રવદનભાઈ આજે ૮૧ વર્ષની વયે મહદ સમય વિધ વિધ વાચનની સંગાથે ભરપૂર પ્રવૃત્તિમય જીવન જીવી રહયા છે. આમ, જીવનમાં સ્વસ્થ રહેવા પુસ્તક/વાંચન આપણો શ્રેષ્ઠ મિત્ર છે તે ઊક્તિને તેઓએ સંપૂર્ણ સાચી ઠેરવી બતાવી છે.

☆ બરછી તથા સોશિયલ મીડિયા દ્વારા પરિચીત કવિ શ્રી ભૂષિત શુકલ દ્વારા સંચાલિત સાહિત્ય રસિકો માટેના 'શબ્દ શણગાર ગ્રુપ'ના ઉપક્રમે તા.૨૦/૧૧ના રોજ અત્રેના અમીન રોડ સ્થિત સિઝન્સ સ્કેવરના સભાખંડમાં કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં જ્ઞાતિના શ્રી જગતકિશોરભાઇ ઢેબર,હર્ષલ અંજારિયા, ભૂષિત શુકલ,પાર્થેશ નાણાવટી જેવા કવિઓએ તથા ઇતર જ્ઞાતિના જાણીતા કવિઓએ પણ ઉપસ્થિત રહી પોતાની કાવ્ય રચનાઓનું રસપાન કરાવ્યું હતું.

☆ તા.૧૧/૧૨/૨૨ના રોજ મુંબઈના ICAI ભવન ખાતે CA student's Commitee WICASAની વિવિધ રાજ્યો અને શહેરોની કુલ ૧૫ ટીમ વચ્ચે નાટ્ય હરીફાઈનું આયોજન થઈ ગયું.જેમાં રાજકોટની ટીમ તૃતીય સ્થાને વિજેતા થઈ.જે ટીમમાં WICASA Commitee ના ખજાનચી શૌનક છાયાએ નાટકનું દિગ્દર્શન કર્યું હતું તેમજ ડિજીટલ બાબાનું પાત્ર ભજવીને સૌને મનોરંજીત કર્યા હતા.નોંધ લેવી ઘટે કે ચિ. શૌનક, રાજકોટના શ્રી ચેતન છાયા તથા શ્રીમતી ધારિણી છાયાના પુત્ર થાય. જેઓ પણ નાટયકલામાં શોખ સાથે પારંગતતા ધરાવે છે અને જ્ઞાતિ તથા અન્ય મંચ તેમજ યુટયૂબ ચેનલ ઉપર નાટકો/સીરીઝમાં પણ ભાગ લઈ રહયા છે. આ કલા વારસો સંભાળી દીપાવવા બદલ ચિ. શૌનકને અભિનંદન.

☆ વડોદરા : બાળ સાહિત્ય તથા સંવેદનશીલ કાવ્ય લેખનમાં ઉત્તમ પ્રદાન આપનાર બરછીના વાચકોને પણ લાભ આપનાર લેખક અને કવિ શ્રી ચિરંતન પટ્ટણીએ અનેક પુસ્તકોના પ્રકાશન બાદ થોડા સમયથી ક્રમે ક્રમે ગુજરાતી, અંગ્રેજી તથા હિન્દી ભાષામાં પાંચ ઈ બુક પણ પ્રકાશિત કરેલ છે.તાજેતરમાં જ તેઓએ CROSS X CONNECTION નામક અંગ્રેજી નવલકથા(નોવેલ) લખી છે...બે પ્રેમી યુગલો ક્રોસ પાર્ટનર સાથે લગ્ન કરે છે અને તે સુક્ષ્મ શરીર સાથે બ્રહ્માંડની સફરે જાય છે તેવાં કથાનક ધરાવતી આ ઈ બુક તથા અગાઉની બુક્સ 'એમેઝોન કિન્ડલે બુક શોપ' ઉપર ઉપલબ્ધ છે.વધુ માહિતી માટે તેમનો ૯૧૦૬૯૫૫૭૧૮ ઉપર સંપર્ક કરશો.

☆ <u>પ્રભુતામાં પગલાં</u> : રાજકોટ સ્થિત શ્રીમતી વિભુતી અને શ્રી સમીર ઋષિકેશભાઈ વસાવડાના પુત્ર વેદાન્તના લગ્ન જામનગર સ્થિત શ્રીમતી નૈમિષાબેન અને નિલેષભાઈ વત્સરાજનાં પુત્રી પલક સાથે.

## વિદેશમાં કોણ ક્યાં...

(ગતાંકમાં જણાવ્યા મુજબ વિદેશમાં વસતા જ્ઞાતિજનો/યુવાનો કોણ ક્યાં,શિક્ષણ,કારકિર્દી જેવી માહિતી બરછીમાં પ્રકાશિત કરવાનું નકકી કર્યા મુજબ આ વખતે યુ.એસ. સ્થિત શ્રીમતી ભાર્ગવીબેન અને તેમનાં પુત્રી ચિ. આત્મજા સ્વાદિયા વિશે માહિતી મળી છે...વાંચો..)

દીકરી બે કુળને ઉજાળે છે..ઘરગૃહસ્થી પણ સંભાળી જાણે અને પોતાના વ્યવસાય ક્ષેત્રમાં પણ સફળતાના સોપાન પણ સર કરી જાણે.આ કામ મહિલાઓજ કરી શકે..જેને પરિવારજનોના સાથ અને સહકાર અનિવાર્ય છે..કુટુંબીજનોના પૂર્ણ સાથ–સહકાર અને પોતાની કાબેલિયતથી સિધ્ધિ પ્રસિદ્ધિ મેળવનાર પ્રતિભાશાળી સન્નારી એટલે શ્રીમતી ભાર્ગવી નીખિલભાઈ સ્વાદિયા. જેઓ સતત ૧૫ વર્ષ HCL ટેકનોલોજીમાં જનરલ મેનેજરના પદેથી ચુનંદા કોમ્પ્યુટર નિષ્ણાતોની ટીમનું નેતૃત્વ સંભાળ્યું.જે બદલ યુ.એસ.એ.સ્થિત કોમ્પ્યુટર વર્લ્ડ સોસાયટીના અધ્યક્ષ શ્રી રોનમીલ્ટનના હસ્તે તેમને મેરિટ સર્ટિફિકેટથી નવાજવામાં પણ આવ્યાં હતાં. પંદર વર્ષના આ અનુભવ બાદ ખંતિલાં ભાર્ગવીબેન ખ્યાતનામ અમેરિકન કંપની Accenture Operations Company માં એમ.ડી.(મેનેજીંગ ડીરેકટર)ના સર્વોચ્ચ પદ ઉપર રહી વિવિધ પ્રોજેકટમાં સફળતા મેળવી. તેમનો આ ખંત અને બહોળો અનુભવ ધ્યાનમાં લઈ આ વર્ષે જ PWC (Price Water house Cooper) કંપનીમાં ભાર્ગવીબેનની Cloud & Digital Practiceના Head Partner તરીકે પસંદગી કરવામાં આવી છે.PWC કંપનીની ગણના દુનિયાની TOP-4 કન્સલ્ટન્ટ કંપનીમાં થાય છે તેવી આ કંપનીનું મુખ્યમથક બેંગ્લોર ખાતે આવેલું છે અને સમગ્ર ભારતમાં વિસ્તરણનું ધ્યેય ધરાવે છે.


આવાં કર્મઠ, સરસ્વતિ ઉપાસક સૌ.ભાર્ગવીબેન મુંબઈ સ્થિત સ્વ.ડો.શિરીષભાઈ સ્વાદિયાનાં પુત્રવધૂ તથા અમદાવાદ સ્થિત જ્ઞાતિ કાર્યકર રઘુવીર(રાજેશ)ભાઈ ખારોડનાં પુત્રી થાય છે.

<u>કુ. આત્મજા :</u> માતા ભાર્ગવીબેન અને પિતા નિખીલભાઈ સ્વાદિયાના નકશેકદમ પર ચાલી તેમનાં પુત્રી કુ. આત્મજા પણ કારકિર્દીનું ઘડતર કરી રહયાં છે..તેણીએ ગુરૂગ્રામથી બાયોટેકનોલોજીના અભ્યાસ (૨૦૧૬ – ૨૦) માં સ્નાતકની ઉપાધી ડિસ્ટીંગ્શન સાથે પ્રાપ્ત કરી.ત્યારબાદ CAT માં ૯૮.૫% ગુણાંક મેળવતાં શીચય (તાતા)જમશેદપુરમાં પસંદગી પામી MBAના અભ્યાસમાં જોડાયાં.જ્યાં કુ. આત્મજાએ ૨૦૦ અભ્યાસીઓમાં સ્પર્ધાત્મક હરિફાઈમાં અગ્રીમ સ્થાન મેળવતાં ચોથાં સેમેસ્ટરના અભ્યાસ માટે ફ્રાંસ જવાની તક સાંપડી. આમ બે વર્ષની પરીક્ષા તૃતીય ક્રમાંક સાથે ઉત્તીર્ણ કરી..ને હિન્દુસ્તાન લીવર કંપની ના 'લીવર ફયુચર લીડરશીપ પ્રોગ્રામ'માં 'ટ્રેઈની' તરીકે પસંદગી પામ્યાં.જે દરમ્યાન તેમની કાર્યત્વરા અને નિષ્ઠાપૂર્વકની કામગીરીને ધ્યાનમાં લઈ ડીસેમ્બર–૨૨માં ત્રણ સપ્તાહ માટે લંડન ખાતે ઈન્ટરનેશનલ પ્રોજેક્ટના અભ્યાસ માટે કંપનીના પ્રતિનિધી તરીકે મોકલવામાં આવ્યાં છે.

ચિ. આત્મજા મુંબઈ સ્થિત સ્વ.ડો.શિરીષભાઈ સ્વાદિયાનાં પૌત્રી તથા અમદાવાદ સ્થિત જ્ઞાતિ કાર્યકર,બરછીના વાચકો પરિચિત છે તેવા લેખન રસિક રઘુવીર(રાજેશ)ભાઈ ખારોડનાં દોહિત્રી થાય છે.

## અનંતના યાત્રીઓને શ્રદ્ધાંજલિ :

### જૂની પેઢીના વિદ્યાર્થીપ્રિય આચાર્ય કૌશિકભાઈ વૈદ્યનું દેહાવસાન



જૂનાગઢની ઐતિહાસિક નરસિંહ વિદ્યા મંદિરના નિવૃત્ત પ્રિન્સિપાલ કૌશિકભાઈ જશવંતરાય વૈદ્યનું તા. ૫ નવેમ્બરે ૯૧ વર્ષની વયે રાજકોટ ખાતે દેહાવસાન થયું. નરસિંહ વિદ્યા મંદિરમાં આચાર્ય તરીકે વીસ વર્ષ સુધી સેવારત રહેલા સારા લેખક તેમજ ઉત્તમ વક્તા કૌશિકભાઈની ગણના જૂની પેઢીના ઉત્તમ અને વિદ્યાર્થીપ્રિય શિક્ષક તરીકે થતી હતી. મિલનસાર સ્વભાવ અને વિદ્વત્તાને કારણે તેઓએ વિદ્યાર્થીઓમાં અપાર ચાહના મેળવી હતી.વર્ષો સુધી જીલ્લા આચાર્ય સંઘના પ્રમુખ તરીકે આચાર્યોના પ્રશ્નોને વાચા આપવામાં કૌશિકભાઈનો સિંહફાળો રહયો હતો.કૌશિકભાઈએ નિવૃત્તિ બાદ રાજકોટમાં સુખ્યાત આત્મીય પરિસરના સ્થાપનાકાળમાં બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજી મહારાજના આદેશથી પૂ.ત્યાગવલ્લભ સ્વામી સાથે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. સ્વ.કૌશિકભાઈ જૂની પેઢીના ડિસ્ટ્રિક્ટ જજ સ્વ. સ્વ.ચંદ્રશંકર દુર્ગાશંકર રીડાણીના જમાઈ હતા. તેઓએ ઘણા વર્ષ સુધી બરછીને અર્થસભર મુકતકોનો લાભ આપ્યો હતો. જ્ઞાતિજનોમાં તેઓ 'કહે કૌશિક'થી પ્રિય રહયા.આવા સત્વગુણી,બરછી પરિવારના સ્વજનસમા અને મુ.કૌશિકભાઈને બરછી પરિવારની ભાવાંજલિ.

<u>રાજકોટ</u>: આશાબેન આશિષ ઝાલા, વિજયભાઇ દિલસુખરાય માંકડ,વિપુલભાઈ કિરીટપ્રસાદ વૈશ્નવ–૬૭ વર્ષ

<u>ભાણવડ</u> : દાયકાઓથી ભાણવડ સ્થાયી,તબીબી સેવા થકી લોકચાહના પ્રાપ્ત કરનાર ડો. ત્રિવિક્રમરાય એ. નાણાવટીનું જૈફ વયે અવસાન થતાં સમાજે માનવતાવાદી તબીબ અને સંવેદનશીલ કવિ ગુમાવ્યા. તેઓ સાહિત્ય ને લેખનનો શોખ ધરાવતા હતા. કવિ 'તુષાર'ના ઉપનામથી સામયિકોમાં બોધ, અધ્યાત્મ અને સંવેદનાની સુવાસ ધરાવતાં,ચિંતનાત્મક કાવ્યો લખ્યાં. જેમાં કલમ કડછી બરછીનો પણ સમાવેશ થાય છે. સદ્ગતના આત્માની શાંતિ પ્રાર્થના સહ બરછી પરિવારની ભાવભરી શ્રદ્ધાંજલિ.

<u>વેરાવળ</u> સ્થિત સૌ.હાર્દિકા ધવલ માંકડ(વલસાડ સ્થિત ભાવીરભાઇ જોશીપુરાનાં પુત્રી)નું બ્રેઇન સ્ટ્રોકથી નિધન થયું. તેમના પરિવારજનોએ સમાજ માટે પ્રેરક એવો તેમના અંગદાનનો સ્તુત્ય નિર્ણય લઈને ૪ વ્યકિતઓને નવજીવન બક્ષ્યું છે.

<u>જામખંભાળીયા</u> : સૌ. હર્ષાબેન કિરીટભાઈ માંકડ–૭૩ વર્ષ. <u>જૂનાગઢ</u> : સૌ.પ્રફુલાબેન પંકજભાઈ દેસાઈ–૬૯ વર્ષ, સાહિત્યકાર– નાટયવિદ્ ડો. વિપિનભાઈ લાધાભાઈ કિકાણીનું સુરત ખાતે અવસાન.

<u>જામનગર</u> (વાલસુરા) સરલાબેન અજીતરાય વસાવડા–૯૩ વર્ષ, ઉષાબેન પ્રકાશભાઈ મંકોડી, નરહરિભાઈ હેમંતલાલ વછરાજાની.<u>ભુજ</u>: ગં.સ્વ.મંદાકિનીબેન બાબુલાલ હાથી–૯૩ વર્ષ,

<u>આદિપુર</u>: સૌ.પન્નાબેન કમલેશભાઈ અંજારીઆ–૬૪ વર્ષ. સરોજબેન શ્રીકાંતભાઇ જોષીપુરા–નડિયાદ

<u>અમદાવાદ</u> : ધીમંતરાય ત્રિવેદી(તેમનું દેહદાન કરવામાં આવ્યું)ઇન્દિરાબેન જ્યોતિન્દ્રરાય ધોળકિયા. દિવ્યાબેન હરેન્દ્રભાઈ વૈશ્નવ, પ્રણવભાઈ રવીન્દ્રભાઈ મહેતા.<u>ગાંધીનગર</u> : આશાબેન દિલીપભાઈ પંચોળી.

<u>વડોદરા</u> : મેહુલ પરિમલભાઈ વસાવડા, દિનેશ(દિવાકર)પટ્ટણી–૬૮ વર્ષ,દિવાકરભાઇ નવિનચંદ્ર ધોળકિયા. શ્રીમતી ચંદ્રિકાબેન હર્ષવદન માંકડ.,કલ્પનાબેન મુકેશભાઈ માંકડ,દિનેશચંદ્ર વિજયલાલ બુચ.

<u>સુરત</u>: અનિલપ્રસાદ વિ.જોષીપુરા(નિવૃત્ત જજ)–૯૪ વર્ષ.

## બરછી સાથે અતૂટ નાતો ધરાવતા આત્મીયજન નરેશભાઈને અલવિદા..



શ્રી નરેશ રામપ્રસાદ રાજા જન્મ અને કર્મભૂમિ અમદાવાદ..ખાડીયા.સાહસિકતા, નીડરતા,કાબેલિયત,ખુન્નસ અને ખુમારી જેવી ખાડીયાની લાક્ષણિકતાઓ ધરાવવા સાથે સંબંધો બાંધીને નિભાવનાર નરેશ રાજા તા.૫ ડિસેમ્બરના રોજ એકાએક જીવનનો મંચ છોડી અલવિદા કરી ગયા.જ્ઞાતિને એક નિષ્ઠાવાન લડાયક સેવકની ખોટ પડી છે. અમને બરછી થકી ઘનિષ્ઠ સંબંધ ધરાવતા આત્મીયજનની.

નરેશભાઈએ જ્ઞાતિસેવાની શરૂઆત અ.ભા.નાગર પરિષદથી કરી હતી, અને અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા.બાદમાં સમગ્ર ગુજરાત નાગર પરિષદની સ્થાપના કરી અને સ્થાપક પ્રમુખ તરીકે રહી જ્ઞાતિ ઐકય અને અખંડિતતાના અથાગ પ્રયાસ કર્યા. રાજસ્થાન,મ.પ્ર.,કચ્છ–સૌરાષ્ટ્ર ગુજરાતના પ્રવાસો કર્યા..જ્ઞાતિહિતના ઘણાં કાર્યો કર્યા. જેમાં 'સતત ૨૫ વર્ષથી યોજાતા આ 'જીવનસાથી પસંદગી પરિચય સંમેલન' જ્ઞાતિ માટે મૂલ્યયાન કાર્ય કહી શકાય. જેનો હજારો યુવકો–યુવતીઓએ લાભ લીધો. જેમાંથી અસંખ્ય યુવકો/ કન્યાઓના સગપણ–લગ્ન થયાં.આ જીવનસાથી પસંદગી સંમેલનમાં દર વર્ષે જ્ઞાતિ–સમાજ માટે કોઈપણ ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન આપનાર જ્ઞાતિજનોને સન્માનિત કરવાનો સરાહનીય સિરસ્તો શરૂ કર્યો હતો.જે અંતર્ગત વર્ષ ૨૦૦૬માં મારૂં અને રાજકોટમાં યુવા વયે કોર્પોરેટર તરીકે ચૂંટાઈ આવવા બદલ શ્રી દેવાંગ માંકડનું 'નાગર ભૂષણ' તરીકે સન્માન કરવામાં આવ્યું હતું. આ સદ્ભાગ્યે ત્યારે આશરે ૫૦૦ યુવકો તેટલી થુવતીઓ અને પરિવારજનોની હાજરીમાં નરેશભાઈના નેતૃત્વ નો અને સ્નેહ મિલન જેવા વાતાવરણમાં પસંદગી મેળાના વિશાળ આયોજનની સુવ્યવસ્થાનો, ટીમવર્ક સાથેની આયોજન શકિતનો,બહોળા સંબંધોનો, સંન્નિષ્ઠ હોદ્દેદારો– સહ કાર્યકરો તેમજ પરિવારજનોના પણ બલિદાનનો પ્રત્યક્ષ પરિચય કર્યો હતો.

નરેશભાઈના પિતાશ્રી રામપ્રસાદભાઈ રાજા પણ અદના જ્ઞાતિ સેવક હતા.તેઓ અને શાંતિભાઈ (બરછી ના આદ્ય તંત્રી) પણ ઘણા સારા ભાવનાત્મક સંબંધથી જોડાયેલ હતા. અખિલ ભારતીય નાગર પરિષદમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં તેઓ બંને સાથીદાર રહયા હતા.નરેશભાઈ રૂબરૂ મળે કે ફોન ઉપર વાત થાય ત્યારે 'શાંતિકાકા' ના સંબોધનથી પિતાશ્રીને યાદ કરે જ. જે થકી બરછી ને અમારી સાથે પ્રેમાદરનો નાતો રહયો હતો. સોશિયલ મીડિયા ના આગમન પહેલાં 'બરછી'માં લગ્ન મેળાના ફોર્મ જાહેરાત તરીકે પ્રકાશિત કરવા મોકલે, છતાં બાદમાં ફોન(તે સમયે લેન્ડ લાઈન) ઉપર બરછી દ્વારા ઘણો સારો પ્રતિસાદ મળ્યાની નોંધ પણ અચૂક લે.

વર્ષ ૧૯૯૮માં બરછીનું પ્રકાશન સ્થગિત કરવાની જાહેરાત કરી ત્યારે બરછી ચાલુ રાખવા આર્થિક સહાય સહિતની તત્પરતા દર્શાવી હતી..તેમ ૨૦૧૨માં બરછીનું Regd.Newspapers of India (RNI) દ્વારા રજીસ્ટ્રેશન રદ કરવામાં આવ્યું (મુખ્ય પોસ્ટેજ કન્સેશનના લાભ બંધ થયા) ત્યારે પણ પોતાની ઓળખાણ–વગનો ઉપયોગ કરી 'રીન્યુ' કરવાના પ્રયાસ કર્યા હતા. કોઈને માટે પણ અંબાજી મ્હાઢમાં નિવાસ માટે ફોન કરીએ તો સહર્ષ વ્યવસ્થા કરાવી આપે.પ્રતિ વર્ષ અંબાજીની રાત્રી પૂજા બાદ રાજીવભાઈ કે ભાઈ વિપુલ પોટા સાથે પ્રસાદ અચૂક મોકલે.આવા વિશાળ દિલના ખરા અર્થમાં 'નરેશ–રાજા' ના અમે ઋણી રહીશું.ૐ શાંતિઃ –વિ.શાં.ધો.

## નોખા–અનોખા–નિષ્ટાવંત નરેશભાઈ હાટકેશ શરણ

જીવનમાં અનાસક્તિ અને પ્રભુમાં આસક્તિ ધરાવનાર નાગર સંગઠન અને ગરિમાને સાચવવાની જવાબદારી લઈને મધુપ્રમેહ(ડાયાબીટીસ)નાં દર્દ સાથે સતત દોડતા શ્રી નરેશચંદ્ર રામપ્રસાદ રાજાએ ૫ ડિસેમ્બર ૨૦૨૨ની વ્હેલી પરોઢે જીવન દોડને પૂરી કરી સૌને રડાવ્યા.

શ્રી હાટકેશ્વર મંદિર વડનગરનો વહિવટ નાગર જ્ઞાતિ હસ્તક જ રહે તે માટે સરકારી તથા ન્યાયાલયમાં જે લડત ૧૯૯૫થી શરૂ થયેલી તેનો હું સાક્ષી ને મહદઅંશે સ્વભાવગત હિસ્સેદાર–એ લડત દરમ્યાન વડીલ કે સમવયસ્ક નાગર સ્વજનો સાથે કે સામે પણ લડવાનું થયું,આજે પણ એ લડતમાં હકારાત્મક નિર્ણય આવે તો નાગર જ અરજીઓ કરી જ્ઞાતિને જ નુકસાન કરી રહયા છે..પણ ધર્મ, ભકિત અને શ્રદ્ધાનું ત્રિપુંડ જેમણે ધારણ કર્યું હતું તે નરેશ રાજા. રાજા એટલે તો રામ જ,જેવા નામ તેવા ગુણનાં ન્યાયે એમની સાથે સૌમ્યતાભર્યો જ વ્યવહાર રાખતા.


શ્રી અંબાજી મંદિરમાં રાત્રી પૂજા કે થાળ તેમજ મ્હાઢ માટેના પ્રયત્નો માટે અન્ય હોદ્દેદારો સાથે સતત સંપર્કમાં રહી જહેમત ઉઠાવતા રહયા. સરકારશ્રીને રજૂઆત/લડતમાં અમે સતત સાથે રહયા અને સફળતા મેળવી.ભાદરવી પૂનમ સંઘમાં સતત સક્રિય,નિવૃત્તિ પછી ક્યારેક ફોન કરો તો એમ કહે બસમાં છું, અમેરિકાથી આપણા સ્નેહી શ્રી હિમાંશુ દેસાઈ થાળ ધરવા આવવાના છે એટલે અંબાજી જાઉં છું.તો કયારેક કહે મહેસાણા કોર્ટમાં છું,તો કયારેક એડવોકેટ નાણાવટી ને બક્ષી સાહેબ પાસે બેઠો છું–વડનગર કેસ માટે.

સમગ્ર ગુજરાત નાગર પરિષદ(રાજ્યકક્ષા) અમદાવાદને ૨૫ વર્ષ પૂર્ણ થતાં એની ભવ્ય ઉજવણી તો છવ્વીસમા લગ્ન પરિચય સંમેલન માટેનો તેમનો ઉત્સાહ નાદુરસ્ત તબિયત છતાં અંતિમ ક્ષણ સુધી છલકતો રહયો.

નાગર જ્ઞાતિએ સતત જાગૃત,કર્મઠ,સન્નિષ્ઠ આગેવાન,હિતરક્ષક ને દાનવીર ગુમાવ્યો.ભારતની લગભગ ૫૦ સંસ્થાઓ સાથે સંકળાયેલા નરેશભાઈ સાથે ઘણા વર્ષ સાથે કાર્ય કરવાની તક સાંપડી તેઓ અમારા સૌ માટે પ્રેરણામૂર્તિ રહયા.કુટુંબ વત્સલ શ્રી નરેશભાઈ તેમની ઊંડી સમજ,કાર્યપધ્ધતિ માટે હંમેશા સ્મૃતિમાં રહેશે.

પ્રયત્નોના પાયા પર સફળતાની ઈમારત રચનાર શ્રી નરેશભાઈનાં અધૂરાં કાર્યો સકારાત્મક રીતે ફળીભુત કરવા સમગ્ર ગુજરાત નાગર પરિષદ– તેમના બહોળા કાર્યકરોને પ્રભુ શકિત આપે.અસ્તુ!

રાજીવ વછરાજાની–યુ.એસ.એ.




જાન્યુઆરીથી ડીસેમ્બરના વર્ષ મુજબ કલમ કડછી બરછીનું લવાજમ ભરનાર ગ્રાહકોનું લવાજમ આ માસમાં પૂરૂં થાય છે.જાન્યુઆરીનો/પછીના અંકો નિયમિત મેળવવા બેંક/અન્ય રીતે આપનું લવાજમ મોકલી આપવા અપીલ છે.–તંત્રી

## દ્રષ્ટાંતરૂપ સાહસ અને પુરૂષાર્થનો સમન્વય : CEO શ્રી દક્ષેશ માંકડ




મૂળ રાજકોટના જયંતભાઈ અને દક્ષાબેન માંકડના તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા વડોદરા સ્થિત પુત્ર દક્ષેશ માંકડ. જેઓ ઈન્ડસ્ટ્રીયલ કેમિકલ્સ,મટિરીયલ મેનેજમેન્ટ,ઓપરેશન્સ મેનેજમેન્ટમાં માસ્ટર્સ ડીગ્રી ધરાવે છે. સાન ફ્રાન્સિસ્કો સ્થિત યુનિવર્સિટીમાં સિક્સ સિગ્મા ગ્રીન બેલ્ટ તથા આર્ટ ઓફ લિવિંગના વિવિધ કોર્ષ કર્યા છે.૨૬ વર્ષની ઉજ્જવળ કારકિર્દી ધરાવતા શ્રી દક્ષેશ માંકડે ૪૮ વર્ષ, વિવિધ ૨૧ સ્થળોએ વિતાવ્યાં છે. તેઓએ પોતાની કારકિર્દી એશિયન પેઈન્ટસથી શરૂ કરી હતી જ્યાં તેઓ સમગ્ર ભારતના ઈતિહાસમાં ઉત્પાદન પ્લાન્ટમાં સૌથી ઝડપી પદોન્નતિ (પ્રમોશન)મેળવનાર કર્મચારી બનવાનું શ્રેય ધરાવે છે. ત્યાર બાદ થોડો સમય યુકે.ની MNC ફોસેકો ઈન્ડસ્ટ્રીઝમાં તથા ભારતીય MNC માં જોડાયા હતા. નિકાસલક્ષી ગ્રીન ફિલ્ડ પ્રોજેક્ટ પર કાર્યરત આ કંપનીને નફાકારક બનાવી વિસ્તરણ પણ કર્યું.

સાહસયાત્રા વણથંભી આગળ વધારતાં તેઓ એક જાપાની કંપની જે ભારતીય સંસ્થાને 'ટેક ઓવર' કરી રહી હતી, જેને એવા સાહસિક નેતૃત્વની જરૂર હતી કે જે વૈશ્વિક ધોરણો મુજબ તેમની કંપની અને વર્ક કલ્ચર બદલી શકે. આ કંપની એટલે Arysta Life Science..જેમાં શ્રી દક્ષેશ માંકડને 'ઈન્ટીગ્રેશનના હેડ' તરીકે પસંદ કરવામાં આવ્યા, બાદમાં 'વાઈસ પ્રેસિડેન્ટ વર્કસ' તરીકે બઢતી આપવામાં આવી અને તેમની કુનેહ અને કાર્યનિષ્ઠાના ફલસ્વરૂપે અંતમાં તેઓ વડા(હેડ) તરીકે નિયુકત થયા.જે એશિયાના ભારત સહિત ૧૦ દેશને આવરી લે છે.તેઓએ એરિસ્ટા કંપનીમાં નવ વર્ષ સેવા આપી.૧૨૨ દેશોમાં ફેલાયેલી આ કંપનીમાં કુલ પાંચ હજાર કર્મચારીઓમાંના એક શ્રી માંકડ અસાધારણ પ્રતિભાવંત 'એક્ઝીક્યુટીવ' બની રહયા, જેઓ સતત ત્રણ ગ્લોબલ એવોર્ડ મેળવવા ઉપરાંત યુએસએના વૈશ્વિક પ્રમુખ(ગ્લોબલ પ્રેસિડેન્ટ) તરફથી વિશેષ પ્રશંસાપત્ર મેળવવા યશભાગી થયા. તેમની આ નવ વર્ષની કારકિર્દી દરમ્યાન ૨૩થી વધુ દેશોનો પ્રવાસ ખેડયો અને પોતાની કુશળતા અને અનુભવમાં વૃદ્ધિ કરી.

વર્ષ ૨૦૧૯માં તેઓ કેકે મોદી ગ્રુપ અને ચીનના શાંઘાઈ બાઈજીન ગ્રુપની સંયુક્ત સાહસ ધરાવતી કંપની ઈન્ડોબાઈજીન કેમિકલ્સમાં બિઝનેસ હેડ/CEO/COO તરીકે જોડાયા.પોતાની કાર્યનિપૂણતા અને આત્મવિશ્વાસથી તેમણે ત્રણ વર્ષમાં ઉચ્ચતમ સ્તરની વૃદ્ધિ હાંસલ કરવાની ખાત્રી આપી અને કંપનીએ દર વર્ષે તેમનું ટર્નઓવર અને નફો વધારવાનું શરૂ કર્યું.દક્ષેશ માંકડનાં ટીમવર્ક સાથેના વિઝન અને સ્માર્ટ વર્કથી કંપનીએ સાડા ત્રણ વર્ષમાં ૨૦૦% ટર્નઓવર અને ૯૭૫% નફો હાંસલ કર્યો.હવે પછીનો તેમનો ઉદ્દેશ કંપનીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રિય સ્તરે એવોર્ડઝ દ્વારા પ્રતિષ્ઠા પ્રસ્થાપિત કરવાનો રહયો..જે માટે તેઓએ ૨૩ એવોર્ડ મેળવવા પ્રયત્નો શરૂ કર્યા.

સ્પષ્ટ લક્ષ્ય(ગોલ), દ્રઢ નિર્ધાર અને પ્રચંડ પુરૂષાર્થથી મેળવેલ આ અનન્ય સફળતા બદલ તેઓને વર્ષ ૨૦૨૨ના 'બિઝનેસ લીડર ઓફ ધ યર' નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.આ એવોર્ડ ફંકશનનું

આયોજન કોર્પોરેટ જગતના માંધાતાઓની ઉપસ્થિતિ વચ્ચે મુંબઈની હોટેલ તાજમાં ET Now તથા CNBC દ્વારા કરવામાં આવ્યું હતું.

તેઓ નાગર જ્ઞાતિના અને કુટુંબના મળેલા સંસ્કારોનું પણ જતન કરતાં તેમજ આર્ટ ઓફ લિવિંગના જુદા જુદા સ્તરના કોર્ષ કરી તેને જીવનમાં પણ ઉતારી, આવા વિરાટ કારોબારનું વહન કરતા હોવા છતાં મનની સ્વસ્થતા,સરળતા,અહંકાર રહિત સ્વભાવે પ્રેમપૂર્ણ રહી અન્યને મદદરૂપ થવાની ભાવના જેવા ગુણો થકી વસ્ત્રદાન,નેત્રદાન, આર્થિક જરૂરિયાતમંદ કન્યાઓને શિક્ષણ માટેની સહાય, આનંદાશ્રમ નામક NGO ના વૃધ્ધાશ્રમ પ્રોજેક્ટ જેવી અનેકવિધ સેવા પ્રવૃત્તિઓ સાથે પણ સંકળાયેલા છે.

શ્રી દક્ષેશ માંકડે નાની વયે આ સીમાચિન્હ રૂપ સિદ્ધિ અને સન્માન મેળવી પરિવાર જ નહીં જ્ઞાતિને પણ ગૌરવાન્વિત કરી છે. આ સન્માન આજે પણ જળવાય રહેલ નિષ્ઠા,પ્રમાણિકતા સાથેની કાર્યકુશળતાનું પણ છે. યુવા વર્ગ માટે પ્રેરક એવા 'બિઝનેસ આઈકોન' દક્ષેશભાઇને ગર્વભેર અભિનંદન આપીએ.આ જ્વલંત સફળતા પાછળ પરિવારનું પણ યોગદાન હોય જ ..તેમનાં પરિજનોને પણ ધન્યવાદ આપવા ઘટે.

---

## બોપલ નાગર મિત્ર મંડળ,અમદાવાદ દ્વારા સ્નેહ મિલન

અમદાવાદના આ મંડળ દ્વારા તા.૧૯ નવેમ્બરની ઢળતી સાંજે સ્નેહ મિલન ગોઠવાયું હતું .પ્રમુખ શ્રી દિશાન્તભાઈ નાણાવટીએ સહુનું સ્વાગત કર્યા બાદ યોગિનીબેન મંકોડી દ્વારા ભાવવહી પ્રાર્થનાથી મનોરંજન કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.કમલેન્દુ વોરાએ માઉથ ઓર્ગન દ્વારા જૂના ગીતો રજૂ કર્યા તો નિત્યાનંદભાઈ ધોળકિયાએ કીબોર્ડ ઉપર વિવિધ શાસ્ત્રીય રાગોની ઝલક પ્રસ્તુત કરી.સુનીલભાઈ અંજારીયાએ હાસ્ય વાર્તા દ્વારા સૌને હસાવ્યા.નયનાબેન બુચે ભકત કવિ નરસૈયાને વૈષ્ણવજન ગાઈને યાદ કર્યા તો અક્ષયભાઈ વૈદ્યની 'હરિ તમે તો..'પ્રસ્તુતિએ ભકિતરસમાં તરબોળ કર્યા.યોગિનીબેન અને હિતેષ મંકોડી–માતા–પુત્ર–ની જોડીએ રાજસ્થાની પરિવેશ સાથે મારવાડી ગીત રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. બાળ કલાકાર શર્વાણી માંકડે 'તું હી માતા' તો આભાબેન દેસાઈએ 'ગઢને હોંકારો' દઈને સૌના દિલ જીતી લીધાં.મૃગેન્દ્રભાઈ પાઠક,ધર્મેશભાઈ છાયા તથા બિમલભાઈ ઝાલાએ 'કરાઓકે' ટ્રેક ઉપર ગીતો રજૂ કરી સૌને ડોલાવ્યા.આમ વિવિધરંગી મનોરંજન બાદ દિનેશભાઈ માંકડે પ્રાસંગિક ઉદ્બોધનમાં નાગર મિત્ર મંડળની સ્થાપના અને પ્રગતિની વાત કરતાં જણાવ્યું કે ૧૩ વર્ષ પહેલાં રવીન્દ્રભાઈ મંકોડી અને સ્વ.મનુભાઈ વોરા દ્વારા ઘેર ઘેર ફરી જ્ઞાતિજનોનો સંપર્ક કરી મંડળની સ્થાપના કરવામાં આવી હતી.જે થકી હાલમાં પાટોત્સવ,નવરાત્રિ,સાંસ્કૃતિક કાર્યક્રમો,પ્રવાસ જેવા આયોજનો થતા રહયાં છે.ભાવિ આયોજનો જેવાં કે ડિજીટલ ડિરેકટરી,મેડિકલ ટાઈ અપ જેવા પ્રકલ્પો કરવાની નેમ જણાવી હતી.આ બાદ નવા જોડાયેલા જ્ઞાતિજનોની પરિચય વિધિ બાદ, સોસાયટી પ્લોટની સુવિધા કરી આપવા બદલ સુનિલભાઈ અંજારીયાનું પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમનું રસમય અને ભાવવહી સંચાલન શ્રીમતી શૈફાલીબેન છાયાએ કર્યું હતું.કાર્યકરોની જહેમતથી કાર્યક્રમ સફળ બની રહયો હતો.અંતમાં સૌ સીતાફળ બાસુંદી,લીલવાની કચોરી સાથેના સ્વાદિષ્ટ ભોજન માણી વિખરાયાં હતાં.

## મા. મંજુલાબેન માંકડના જીવનસંગ્રામની સંઘર્ષગાથા..

મુલાકાત અને આલેખન શ્રી જલેન્દુ જોષીપુરા,રાજકોટ.

રાજકોટ સ્થિત મા.વડીલ મંજુલાબેન નરેન્દ્રભાઈ માંકડ.અત્યારે લગભગ ૯૫ વર્ષનાં છે.એમનો જીવનસંગ્રામ અતિ સંઘર્ષમય રહયો છે..એ સંઘર્ષગાથા આલેખવા મતિ ઘણી જ વામણી પડે છે.એમનો વસવાટ અને કર્મભૂમિ રાજકોટમાં કાશીવિશ્વનાથ પ્લોટમાં 'શૈલ નિવાસ'નામે એક હવેલી જેવાં તથા જૂના સમયના જબરદસ્ત ડેલાવાળા ભવ્ય મકાનમાં હતો.નરેન્દ્રભાઈ માંકડ વીતેલા સમયના ધારાશાસ્ત્રી હતા તથા રાજકીય ક્ષેત્રે સ્વતંત્ર પક્ષ સાથે સંકળાયેલા હતા.૧૯૭૦–૭૫ના અરસામાં જનસંઘી દિગ્ગજ સ્વ.ચીમનભાઈ શુકલ સાથે નિકટતા/મિત્રાચારી હતી.આશરે ૬૫–૭૦ની વયે એમને પક્ષઘાત (પેરેલિસીસ) તેમજ કંપવા(પાર્કિન્સન)થઈ ગયો અને નરેન્દ્રભાઈની સંપૂર્ણપણે દેખભાળ રાખવા સાથે ગુજરાન ચલાવવા અર્થતંત્રને મંજુલાબેને અપ્રતીમ હિંમત સાથે સંભાળ્યું.

રાજકોટની નાગરી નાતના ઈતિહાસમાં 'પેઈંગ ગેસ્ટ સર્વિસ'ના ખમતીધર પુરસ્કર્તા તરીકે મંજુલા બેન માંકડનું નામ સુવર્ણ અક્ષરે આલેખવું જ પડે.જીવનસંધ્યાના માઈલસ્ટોને આંબ્યાં એવે સમયે ૧૯૭૫ થી '૯૦ના અરસામાં મંજુલાબેન લગભગ ૧૦ જેટલા નોકરીયાત અને વિદ્યાર્થીઓને કામધંધા સમયે રાંધવાનું સઘળું કામ એકલે હાથે સંભાળી પ્રેમપૂર્વક,આગ્રહ કરીને ભરપેટ જમાડતાં.નાગરી શૈલી અને પોતાની આગવી સૂઝબૂઝથી બનાવેલાં અથાણા અને વાનીવાંજનાં ખાનપાનની શી વાત કરવી?! આંબળા,કાચી કેરી,કાચાં પપૈયા,ગાજર ઉપરાંત ખજૂર અને ખારેકના પણ વાર્ષિક અથાણા બનાવતાં.કોઈ નિઃસહાય કે તરછોડાયેલી વ્યકિત ધ્યાનમાં આવે તો એમની દેખભાળ રાખવામાં મંજુલાબેને એટલી જ કાળજી રાખી છે.

હાટકેશ્વર પાટોત્સવના જ્ઞાતિના સમૂહ પ્રસાદ ભોજનનાં આયોજન માટે હોળી પછી સપ્તાહમાં બે વખત અગ્રીમ સ્વયંસેવકોની મીટીંગ 'શૈલ નિવાસ'માં યોજાતી.નરેન્દ્રભાઈને પેરેલિસીસ અને પાર્કિન્સન હોવાથી મંજુલાબેન હાથ ઝાલીને ફળિયામાં લઈ આવતાં.જ્ઞાતિ સમૂહ ભોજન માટે એમનું અમૂલ્ય માર્ગદર્શન મળતું.તે સમયની ઉદાત્ત જ્ઞાતિભાવના અને ઉત્તમ સધિયારાનો કેવો સમન્વય! નરેન્દ્રભાઈનું અવસાન સંભવતઃ ૨૮–૧૧–૧૯૮૬માં થયું હતું.




પેઈંગ ગેસ્ટ પૈકી બે યુવાનો બેંક કર્મચારી ચૈતન્યભાઈ માંકડ તથા કોલેજ વિદ્યાર્થી શ્રી દર્શનભાઈ વૈશ્નવ એમને ઘણા જ મદદરૂપ થયા હતા.સગા દીકરા પાસેથી મા માટે જે નિકટતા અને દરકાર અપેક્ષિત હોય એવો સહારો આ બંને યુવાનોએ મંજુલાબેનને આપ્યો હતો.ભોજન સમયની બધીજ તૈયારીનું કામ આ બંને ભાઈઓએ સંભાળી લીધું હતું અને કર્મઠ મંજુલાબેનને એમના શ્રમદાન થકી ઉત્તમ

સધિયારો મળ્યો હતો.

કમનસીબજોગે વિશાળ જગ્યાવાળા 'શૈલ નિવાસ'માં કદાચ કોઈ માથાભારે તત્વનો પગપેસારો થયો હતો અને પરિણામે એમને ઘણી ઓછી કિંમતે પોતાની આ કર્મ–સંઘર્ષભૂમિ વેંચી દેવી પડી હતી.આ જગ્યા છોડવાની સાથે અવસ્થાવશ ક્ષિણતા આવતાં એમણે એ ઉત્કૃષ્ઠ સેવાઓમાંથી નિવૃત્તી લેવી પડી.વૃધ્ધાવસ્થામાં નિકટના કૌટુંબિક ભાઈ(અનુજ)જેભાઈ વછરાજાની(વ્રજ વિલા)એ વિકટસમયમાં સારી હૂંફ આપી. એ પણ વિદાય થયા.

સ્વ–કેન્દ્રી અને ભાગદોડના સમકાલીન જમાનામાં માતુશ્રી મંજુલાબેન નરેન્દ્રભાઈ માંકડનું દ્રષ્ટાંતરૂપ જીવન દંતકથા સમાન છે.

એમનાં ચરણકમળોમાં શત્ શત્ નમન.

(મુંબઈ સ્થિત તેમનાં દીકરી રાગિણીબેન વૈદ્ય તેમની પૂરી જવાબદારી સંભાળી રહયાં છે પરંતુ આ જૈફ વયે પણ એકલા રહેવાની હિંમત ખુદ્દારી અને ખુમારી કાબીલેદાદ છે તે પણ જીવંત રહીને..જ્ઞાતિ સમાચારો જાણવામાં આજે પણ રસ ધરાવે.બરછીના નિયમિત વાચક –ચાહક.અંક ન મળે તો ફોન કરે શાંતિભાઈને પણ યાદ કરે. નાગરી રીત રિવાજો યાદ રહે,ભજનો ગાય, ગરબા ગાવા સાથે લઈ પણ જાણે. ખરે જ પ્રેરણાદાયી વડીલને વંદન)

## ડો. નીલુભાઈ વૈશ્નવ સન્માનિત થયા

૪૬મી નેશનલ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયા સોસાયટી ઓફ બ્લડ ટ્રાન્સફ્યુઝન એન્ડ ઈમ્યુનોહેમાટોલોજી કર્ણાટક દ્વારા, ભાવનગર સ્થિત પ્રતિષ્ઠિત સેવાનિષ્ઠ ડો.નીલુભાઈ વૈશ્નવ ને રોગચાળાના સમય દરમ્યાન તેમની ઉત્કૃષ્ઠ અને અસરકારક કામગીરી બદલ 'લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ' અર્પણ કરી બહુમાનિત કરવામાં આવ્યા.

જ્ઞાતિને ગૌરવ બક્ષવા બદલ મુ.નીલુભાઇને અભિવંદન.

ગઝલ...

સહરાની યુગોથી વણબુઝી પ્યાસ અમે
મૃગજળને ઘૂંટ ઘૂંટ પીએ
પડછાયા હોય એવા કૂણા આભાસ તણા
વૃક્ષોની ડાળે અમે ઝૂલીએ...સહરાની...
બળબળતી બપોરે વેરેલા સ્મિત મહીં
ચંદનનાં વન છલકાતાં,
વૈશાખી વાયરાના ધસમસતાં ઝરણામાં
ગુલમહોરી રંગ થઈ ના'તાં,
સૂરજના રૂપેરી ફૂલ અમે તડકાના
લીલ્લાછમ ખેતરે હિલ્લોળીએ,
સહરાની યુગોથી વણબુઝી પ્યાસ અમે
મૃગજળને ઘૂંટ ઘૂંટ પીએ.
લીલેરા ડુંગરની ટોચે એક બાવળમાં
જીવતર તમારૂં એક નીડ બાંધે,
ભવભવથી તૂટેલા મળવાના દર્પણને
એકાદો શ્વાસ કેમ સાંધે,
પથ્થરની વેદનાનું વણગાયું ગીત અમે
ભૂરૂં આકાશ થઈ જીવીએ,
સહરાની યુગોથી વણબુઝી પ્યાસ અમે
મૃગજળને ઘૂંટ ઘૂંટ પીએ.
સૂસવાતા હિમવનમાં ઠૂંઠવાતા આમતેમ
જાગતી આંખો 'ને અમે પોઢીએ.
પાંખા પરોઢિયાંના ઝાંખા અજવાસમાં
ખુદના બે–ચાર શ્વાસ ઓઢીએ,
ઝાકળના ઓળાઓ ઉતરતા હોય ત્યારે
સપનાનાં ફૂલ અમે વીણીએ
સહરાની યુગોથી વણબુઝી પ્યાસ અમે
મૃગજળને ઘૂંટ ઘૂંટ પીએ.
પડછાયા હોય એવા કૂણા આભાસ તણા
વૃક્ષોની ડાળે અમે ઝૂલીએ.

આશ્લેષ ત્રિવેદી,અમદાવાદ.

**લેખકોનો પરિચય :** દીપોત્સવી અંકમાં પ્રકાશિત કરવામાં આવેલ લઘુવાર્તાઓ,લેખો સાથે તેના લેખકનો પરિચય પ્રકાશિત કરવાની અમે જાહેરાત કરી હતી પરંતુ તે સમયે બધાના પરિચય એક સાથે ન મળતા, સમયના અભાવે સંકલન થઈ ન શકતાં હવે ક્રમે ક્રમે પ્રકાશિત કરીશું.. આ અંકમાં દીપોત્સવી અંકના પાના નં.૧૭ ઉપર પ્રકાશિત 'સમય આપો સમય મેળવો' લેખના લેખક મુ.શ્રી નીલકંઠરાય અંતાણીનો તથા પાના નં.૧૮ ઉપરના 'પંચપર્વ દીપાવલી'ના લેખક શ્રી પરેશભાઇ અંતાણીનો પરિચય મેળવીએ...

(૧) વીરનગર સ્થિત શ્રી નીલકંઠરાય સી.અંતાણી ઉ.વ.૮૬,ભારતીય ડાક વિભાગમાં ૩૪ વર્ષ નોકરી કરી ૧૯૯૨માં ૫૫ વર્ષે આસી.ડાયરેકટરના પદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી.સાત્વિક,નિયમિત જીવનના ફલસ્વરૂપે છેલ્લા ૩૦ વર્ષથી વીરનગર સ્થિત ૪૦૦ પથારીની અદ્યતન શિવાનંદ મિશન હોસ્પિટલ અને પ્રાથમિક/માધ્યમિક શાળાઓના છાત્રાલયનું નિષ્કામ ભાવે માનદ્ કાર્યકર તરીકે સંચાલનમાં યોગદાન આપી રહયા છે. તેઓના (આપણે અનુસરવા જેવા)શોખના વિષયો : ૧.સાહિત્ય વાચન,લેખન,૨. સામાજીક– પારિવારિક જરૂરત મુજબ સેવા અને મદદ.૩. શૈક્ષણિક કારકિર્દી માટે જરૂરતમંદ વિદ્યાર્થીઓને આર્થિક/ અન્ય મદદ.૪.જ્ઞાતિ દ્વારા કાર્યરત સંસ્થાઓમાં શકય યોગદાન/મદદ.

તેઓના જ સુંદર શબ્દોમાં..

—– ખુદ જિંદગીને મોતને શરણે જવું પડયું, મેં શોધ એના ધ્યેયની જ્યારે કરી હતી
સરખામણી જગતની દ્રષ્ટિથી જુદી રીતે, મેં જિંદગીને મોતની ત્યારે કરી હતી!

—– જાણું છું,જીવવાની રીત જાણું છું..ને તેથી તો કમળ માફક વિકસવાનોય વ્યવસાય છે મારો,
મને વ્યવસાહીન ગણવાની નાહક ભૂલ ન કરશો, હરેક હાલતમાં હસવાનો ય પણ વ્યવસાય છે મારો!

(૨) પરેશ અંતાણી : મૂળ ભુજના વતની.ભુજથી બી.એસસી.ની પદવી મેળવ્યા બાદ દિલ્હીથી 'મેડીકલ ટેકનોલોજી'નો અભ્યાસ કર્યા બાદ દિલ્હી,આણંદ,નવસારી ખાતે નોકરી કરી. થોડા વર્ષથી રાજકોટ સ્થાયી થયા. રાજકોટમાં આંખની હોસ્પિટલમાં થોડો સમય ફરજ બજાવ્યા બાદ હાલમાં શેઠ આંખની હોસ્પિટલમાં 'ઓપ્ટીમેટરીસ્ટ' તરીકે કાર્યરત છે. વિજ્ઞાનના સ્નાતક હોવા છતાં સાહિત્યમાં રસ અને શોખ ધરાવે છે અને 'ધર્મલોક' સહિયર (ગુજરાત સમાચાર), સંદેશ, ધર્મભૂમિ(ફૂલછાબ)સ્ત્રીમાં તેમજ ચિત્રલેખા, અખંડાનંદ, પરમાર્થ,આસ્થા,અહા!જિંદગી જેવાં સામયિકોમાં પણ તેમના લેખ,કાવ્યો,લઘુકથા પ્રકાશિત થતા રહે છે. તેઓ ગુજરાતી વાર્તામેળા–૧૧માં સક્રિય સભ્ય છે.

**રાજકોટ ખાતે સંગીત ક્લાસ:**

વડોદરા ખાતે ૩૫ વર્ષથી સંગીતના વર્ગો ચલાવતા તુષારભાઈ બુચ રાજકોટ સ્થાયી થતાં તેઓએ તેમના નિવાસસ્થાન એલ–૫૦૩ સોપાન હિલ,રૈયા રોડ,રાજકોટ ખાતે શાસ્ત્રીય ગાયન,સુગમ સંગીત, હાર્મોનિયમ તથા કેસિયો વાદનની પધ્ધતિસરની તાલિમના કલાસ શરૂ કર્યા છે.ઈચ્છા ધરાવતા સૌ કોઈ વધુ માહિતી માટે તેમના મો.નં. ૯૮૨૪૩૮૧૮૨૩ ઉપર તેમનો સંપર્ક કરશો.

## સહજ કર્મ

– મનહર જે. વૈશ્નવ,રાજકોટ. મો.૯૮૨૫૨૮૦૧૪૭

સહજ કર્મ દરેક વ્યક્તિ સહજ રીતે કરી શકે તેને માટે કોઈ સાધના કે સન્યાસ લેવાની જરૂર નથી.સંસારમાં રહીને જ કરી શકાય.નીચેના ઉદાહરણ તે માટે પર્યાપ્ત છે.

એક જ્ઞાની પુરૂષ અને તેની પત્ની એક જંગલમાંથી પસાર થતાં હતાં.તેમણે જોયું કે સામેથી વાઘ આવી રહયો છે.પુરૂષે કહયું,'આપણે ડરવાની કે ગભરાવાની જરૂર નથી.ઈશ્વર આપણો રક્ષણહાર છે,તે જ જરૂર સહાય કરશે.'

સ્ત્રીએ કહયું,'ના આપણે દોડવા સક્ષમ છીએ અને વાઘ હજી દૂર છે તો સલામત જગ્યાએ પહોંચી જઈએ,કારણ કે જે કર્મ આપણે સહજ ભાવે કરી શકીએ અને આપણાથી થઈ શકે તેમ હોય તેને માટે ઈશ્વરે આપણને હાથ,પગ,પાંચ કર્મેન્દ્રીયો,પાંચ જ્ઞાનેન્દ્રીયો અને એ બધાનું સંચાલન કરતું આપણું મગજ અને હૃદય આપેલ છે.તો પ્રથમ તેનો અમલ કરવો જોઈએ.સીધું સીધું ઈશ્વરને તકલીફ આપવાની જરૂર નથી.આપણા સહજ કર્મથી માર્ગ નીકળે તેનાથી આપણને સંતોષ થાય.માટે ચાલો આપણા પ્રયત્ન શરૂ કરીએ.પછી તેમાં ઈશ્વર સહાય કરશે.

આપણા જીવનમાં ઘણા કર્મો એવાં છે કે જે આપણે સહજ ભાવે કરી શકીએ,જેમ કે તરસ્યાને પાણી આપવું,ભુખ્યાને યથાશક્તિ સહાય કરવી,બસ કે ટ્રેઇનમાં કોઈ અશકત વ્યકિતને જગ્યા આપવી. કોઈ વડીલનો હાથ પકડી રસ્તો ક્રોસ કરવામાં મદદ કરવી અને છેવટ બે આશ્વાસનના બોલ બોલી કોઈને સાંત્વન આપવું.આ બધા સહજ કર્મ છે.જે આપણે ભૂલવું ન જોઈએ.ઈશ્વર બે હાથ જોડીને નહી પણ બે ખુલ્લા હાથ રાખી કર્મ કરવા પ્રેરે છે.

બે મિત્રો દરિયા કીનારે બેઠા હતા અને મોઝાંઓમાં પગ પખાળી આનંદ લેતા હતા.એક મિત્રએ જાયું કે મોઝું આવીને પરત જતું ત્યારે કેટલીક માછલી પરત જઈ શકતી ન હતી,જે તરફડતી હતી.એ મિત્ર આ તરફડતી માછલીને પકડીને સમુદ્રમાં પરત ફેંકતો હતો.બીજા મિત્રએ કહયું કે તું ખોટી મહેનત કરે છે.આમને આમ તું કેટલી માછલીઓને બચાવીશ અને ક્યાં સુધી!પેલા મિત્રએ કહયું,'જો આ તરફડતી માછલીને ઉપાડીને ફેંકું છું.બચી ગયોને તેનો જીવ.બસ,આ મારો સંતોષ છે કે આવું સહજ કર્મ હું કરી શકું છું.




બધી બુરાઇઓ કે બદીઓ કે અસામાન્ય બાબતો સામે આપણે ના લડી શકીએ તો મનુષ્ય તરીકે આપણે ઈશ્વર પ્રરિત સહજ કર્મ તો કરી શકીએને?

## આવકાર

– દુર્ગેશ ઓઝા,પોરબંદર. મો. ૯૪૨૬૧૬૪૯૮૮

પગમાં પગરખાં નહીં,ચોખ્ખી પણ જૂની પોતડી..,બધું અતિથિની દરિદ્રતાની ચાડી ખાતું હતું પણ ચહેરો એટલે જાણે ચમકતો સૂર્ય! બ્રહ્મતેજ વર્તાતું હતું. એણે ઓળખ આપતાં જ દ્વારપાળે વિશેષ પરિચય પૂછ્યો.ખાતરી કરવા કરતાં એને એ વાતમાં રસ પડયો.આગંતુકે ભૂતકાળને સજીવન કર્યો.દ્વારપાળે થોડી કડકાઈ વાપરી.આટલો બધા તાપમાં ત્યાં કેમ ઊભા છો? પગ બળી જશે એટલીય ખબર નથી પડતી? પહેલાં આ વૃક્ષના છાંયડે થોડો વિશ્રામ કરો.દૂરથી આવ્યા છો તો તરસ પણ લાગી હશે ને? પહેલાં જળપાન કરો.મારી સાથેય થોડી વાત કરો ને આપે એક હાથ કેમ પાછળ રાખ્યો છે? શું સંતાડયું છે એમાં?

આ સમયે ત્યાં ભેગા થયેલા થોડા લોકોને મન તો આ જોણું!'હા હા બરાબર તપાસ કરજો.આવા તો સાંજ પડયે સત્તર આવે.અમને તો આ માણસની દાનત ઠીક નથી લાગતી.એના હાલ તો જુઓ! મિત્ર મિત્ર કરીને પાછળથી છૂરો ભોંકવા તો નથી આવ્યો ને? લોકોએ શંકા બતાવી ને પોટલી.દ્વારપાળે પૂછ્યું, આમાં શું છે?'જવાબ મળ્યો..'તાંદુલ.' દ્વારપાળના તનમનમાં સુગંધ પ્રસરી ગઈ.તાંદુલમાં મિત્રભાવ, પત્નીએ પ્રેમથી બનાવી આપ્યા એ ભાવ..આ બધું હોય તો સુગંધ કેમ ન આવે?

લોકો બોલ્યા,'આવડા મોટા ભગવાનને આવું દેવાતું હશે? પ્રભુની મશ્કરી ને તેનું અપમાન કરવા માંગે છે આ કહેવાતો બાળસખા.પાછો એને તુકારે બોલાવે છે લે બોલ!પોટલીમાં ઝેર,ને મનમાં કપટ ભર્યું લાગે છે.આને તું આટલું બધું સન્માન શું કામ આપે છે,તું આને ધમકાવી,કડવા શબ્દો કહી કાઢી મૂક.' પણ આ તો ભગવાન શ્રીકૃષ્ણનો દ્વારપાળ.એ કહે,મારા માલિકનો મિત્ર જેવોતેવો ન હોય.એને હું શું કામ કાઢી મૂકું? તમે બધા જ અહીંથી થઈ જાવ વહેતા.કપટી એ નથી,તમે લાગો છો.'બધા ગયા એટલે 'સુદામાજી' આપ મને આમાંથી ચપટી તાંદુલ ચાખવા આપશો? મારા મોંમાં પાણી આવી ગયું.'

અવશ્ય,તમેય ચાખો પણ મારા મિત્ર માટેય રાખજો. હું એના માટે..' સુદામાએ સસ્મિત આખી વાત કરી.દ્વારપાળે થોડા તાંદુલ ખાધા પછી..


'આપ થોડો વિશ્રામ કરો.હું હમણાં આપના મિત્રને જાણ કરૂં છું.'

...વાત સાંભળતાં જ શ્રીકૃષ્ણે ખુલ્લા હ્રદયે ને પગે દોટ મૂકી.મિત્ર સુદામા પણ આમ જ ખુલ્લો થઈને આવ્યો હતોને?

અરે નાથ,એ તમારા પરમ મિત્ર,તમે એને મળવા દોટ મૂકો એ સર્વથા ઉચિત.પણ જરા તમારૂં મુખ તો જુઓ! એ શુધ્ધ કરીને જાવ.લાવો તમારૂં મુખ લૂછી દઈએ..'પટરાણીએ આવું બધું કહી રહી,પણ ભગવાને મુખ કે ધસી આવેલ આંસુ..આમાંનું કશુંય ન લૂછ્યું.જેમનું હ્રદય શુદ્ધતા અને પ્રેમથી છલોછલ હતું એવા ભગવાન શ્રીકૃષ્ણ રોકાયા નહીં.આ તો મુખનું સુખ.અહોભાગ્ય!

મિત્ર સુદામાને મળવા દોડી રહેલા શ્યામસુંદરના મુખ પર ચપટી તાંદુલના કણ ચોંટયા હતા.

**auroshikha Incense (since 1973)**
**Cottage Industries (since 1948)**
CREATION OF WORLD CLASS INCENSE
**Auroshikha's fragrances are in compliance with the guidelines of I.F.R.A. (International Fragrance Association Geneva Switzerland)**
OVER 100 VARIETIES OF INCENSE
(Handmade & Natural)
Incense Cones, Dhoop Sticks, Perfumed Oils, Pure Sandalwood powder, Aloe Vira Soaps, Bath Spa Shampoo and Moisturizer, Natural Esstential Oils, Air Freshener Perfume Spray, Body Mist Perfume Spray.
Material (Incense) : Pure extracts of Herbs, Roots, Barks of Trees, Petals, Leaves, Spices, Some Charcoal, Perfumes based on Natural Essentials Oils.
(A product of Shri Aurobindo Ashram)
**For Orders/Inquiries, Call/WA:+919909011200** OR
Email : DK.minereal@gmail.com
Retail and Bulk Distributors of Auroshikha & Cottage
**KD Tradelink**
**RAJKOT**




## ABM TRAVELS

**Discover your choice of destination in 2022,**

we will make customized tour plan as per your requirement with choice of selected hotels/resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays

* Shimla Manali *Dalhousie * Dharamshala
* Amritsar VaishnoDevi *Ladakh kashmir
* Nainital *Corbet Mussoorie *Darjeeling
* Gangtok * Ooty *Coorg*kerala
* Lakshadweep *Andaman * Gauhati
* Shilong * Kaziranga Rajasthan * MP
* South India * Goa * Nepal
* Dubai * Singapor * Thailand * Malaysia
* Bali * Maldives * Mauritius * Vietnam
* Religious places and many more.

**Avinash Mehta 9820817318**
**abmtravels@gmail.com**

Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

UPI ID: 9428700105@paytm
Paytm: 9428700105

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.

**નોંધ લેશો : જો આ અંકમાં નીચેની એડ્રેસ સ્લીપમાં RENEWED UP TO 12/2022 હોય તો આપનું બરછીનું લવાજમ આ માસમાં પૂરું થાય છે. જાન્યુઆરીથી અંક મેળવવા લવાજમ મોકલી આપનો સહકાર ચાલુ રાખવા વિનંતી છે.–તંત્રી**

BOOK POST

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.